પત્રિકા ૧૩૦

# ચિરાગે હિદાયત

૨૭/૧૦/૧૭
૬ સફર

## શૈતાન અને ગુનાહ

ઈન્સાન એ અશરફુલ મખ્લૂકાત છે કે જેની માટે અલ્લાહ તઆલા કુરઆનમાં ફરમાવે છે:

તેમની પાસે દીલ છે જેના વડે તેઓ સમજે છે એટલે કે અલ્લાહે ઈન્સાનને પાક દીલ અને અકકલ આપી છે ઈન્સાન જેના વડે ચાહે તો ફરિશ્તાઓથી પણ આગળ નીકળી જાય અને જયારે તેનો દૂરઉપયોગ કરે તો જાનવરથી પણ બદતર થઈ જાય.

આજે આપણે જોઈ રહ્યા છીએ કે દુનિયામાં ચારેબાજુ અંધાધુની ફેલાયેલી છે, અમ્ન અને અમાન રૂખસ્ત થઈ ગયા છે, કત્લ અને ખૂનરેઝી સામાન્ય થઈ ગઈ છે. કુટુંબો વિખેરાઈ રહ્યા છે, સંબંધો તૂટી રહ્યા છે, દિવસેને દિવસે ઈખ્તેલાફો વધી રહ્યા છે, તલાકોની સંખ્યા વધી રહી છે, ઝીંદગીની મીઠાશ કડવાશમાં બદલાઈ રહી છે. ત્યારે દરેક વ્યક્તિને સવાલ થાય છે આ પરિસ્થિતિઓમાં એકાએક બદલાવનું કારણ શું છે? કયો દુશ્મન છે જે આપણી ઉપર હુમલાઓ કરી રહ્યો છે? શું તે દુશ્મનના હુમલાઓ માટે આપણે જ દરવાજાઓ ખોલી દીધા છે?

અઝીઝો! આ તે દુશ્મન છે કે જેની ઓળખાણ આપણને અલ્લાહ તઆલા કુરઆનમાં સૂરએ ઝખરૂફની આયત નં.૬૨ માં કરાવે છે કે **“બેશક શૈતાન તમારો ખુલ્લો દુશ્મન છે.”**

શૈતાને કસમ ખાધી છે કે **“હું તારા સેરાતે મુસ્તકીમ ઉપર જરૂર તાકીને બેસી જઈશ.”** (સૂરએ અઅરાફ, આયત નં.૧૬) એટલે શૈતાન ઈન્સાનને સેરાતે મુસ્તકીમ પર રહેવા નહી દે અને ગુમરાહ કરશે.

અને વળી શૈતાને કહ્યું છે કે “હું દરેક બાજુએથી તેઓને ગુમરાહ કરીશ. સામેથી, પાછળથી, ડાબી અને જમણી બાજુથી.”

તો અઝીઝો! જે દુશ્મન આપણી ઉપર તાકીને બેઠો છે તો આપણે જાણવું જોઈએ કે આ તાકતવર દુશ્મન શૈતાન આપણને કેવા રસ્તાઓથી ગુમરાહ કરે છે જેથી તેનાથી બચી શકાય.

# શૈતાની રસ્તાઓ

### ૧) *ગુનાહો શણગારીને રજુ કરે છેઃ*

શૈતાનનો ગુમરાહ કરવાનો સૌથી શ્રેષ્ઠ રસ્તો એ છે કે તે ઈન્સાની બુરાઈઓ અને ગુનાહોને તેની સામે શણગારીને રજુ કરે છે.

આ વાત કુરઆને મજીદની આ આયતથી સાબિત થાય છે ''અને શૈતાને તેમના કાર્યોને તેમની દ્રષ્ટિમાં શોભાયમાન કરી દીધા હતા.'' (સૂ.અન્કબુત, આ.૩૮)

આવી ઘણી બધી આયતો કુરઆનમાં મૌજૂદ છે. શૈતાન ઈન્સાનના ગુનાહોને અચ્છાઈનો લીબાસ પહેરાવીને એવી રીતે તેની સામે રજુ કરે છે કે ઈન્સાન તે ગુનાહો ઉપર શરમીંદા થવાને બદલે તેને અંજામ આપવા ઉપર ગર્વ કરે છે અને જયારે આવી જ રીતે તેને ગુનાહોની ટેવ પડી જાય છે તો તકવા અને પરહેઝગારીની લઝ્ઝત મહેસૂસ નથી થતી.

### ૨) *ગુનાહોને હલકા સમજવાઃ*

મૌલા અલી(અ.સ.) ફરમાવે છે **''ખુદાની નઝદીક તે ગુનાહ મોટો ગુનાહ છે, જેને અંજામ આપનાર તેને નાનો (હલકો) સમજે.''** (ગોરરૂલ હકમ, હદીસ નં.૩૯૪૧)

દા.ત. : આપણે સૌ મોબાઈલ વાપરીએ છીએ અને મ્યુઝીકવાળી રીંગટોન પણ ઘણી વખત સાંભળીએ છીએ. આપણે ભલે તેને જાણી જોઈને અંજામ ન આપતા હોય પણ મ્યુઝીક હરામ છે અને ગુનાહ છે. તો એ ગુનાહ જ છે પણ આપણે તેને મહત્વ નથી આપતા.

### ૩) *પોતાના ઐબોથી અજાણ રહેવુંઃ*

હદીસમાં છે કે **''પોતાના ઐબોથી અજાણ રહેવું પણ એક મોટો ગુનાહ છે.''** (બેહારૂલ અન્વાર ભાગ-૭૮, પેજ નં.૯૧)

અને જયારે ગુનાહોમાં લઝઝત મળવા લાગે છે. ત્યારે ઈબાદત, ઈતાઅત અને ઝીક્રે ખૈરમાંથી મળતી લઝ્ઝતનો અનુભવ નથી થતો.

ખુદાવંદે આલમ ફરમાવે છે કે **''અય ફરઝંદે આદમ ! તે મારી સાથે ઈન્સાફ ન કર્યો. હું નેઅમતો નાઝિલ કરીને મોહબ્બત ભર્યુ વર્તન કરૂં છું, તું ગુનાહો કરીને મને નારાઝ કરો છો. મારી તરફથી નેકી નાઝિલ થાય છે, તારી તરફથી બુરાઈઓ**

**આવે છે. દરરોજ રાત અને દિવસમાં ફરિશ્તાઓ તારા ગુનાહોની ખબર લાવે છે. અગર તું તારૂં વર્તન બીજાઓની ઝબાનથી સાંભળતે જ્યારે કે તું એ ન જાણતો હોત કે આ કોની બુરાઈઓ બયાન કરવામાં આવી રહી છે તો બહુજ જલ્દી તેનાથી નારાઝ થઈ જાત.''** (બેહારૂલ અન્વાર, ભાગ-૮૩, પેજ નં.૩૫૨)

**** ઈન્સાનના ગુનાહોની અસર તેની દુનિયા અને આખેરત બંને ઉપર થાય છે.***

૧) હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે કે **''બંદો પોતાના ગુનાહોમાંથી એક ગુનાહના કારણે ૧૦૦ વર્ષ અઝાબમાં કૈદ રહેશે.''** (જામેઉસ્સાદત, ભાગ-૩, પેજ નં.૪૭)

૨) **નેઅમતો અને તૌફીક છીનવાઈ જાય છે.**

૩) **બલાઓ નાઝિલ થાય છે અને દુઆઓ કબૂલ થતી નથી.**

૪) **ગુનાહો મૌતને નઝદીક કરે છે.**

૫) **ગુનાહોના કારણે દુશ્મન (શૈતાન) તાકતવર બને છે.**

ગુનાહોની અસરો ફકત આટલી જ બાબતો પુરતી સીમીત નથી હદીસમાં છે કે **''ન તો ગુનાહોમાં ડૂબેલા રહો અને ન તો ગુનાહોને હલકા સમજો કારણ કે કયારેક તે એટલી હદે બદબખ્તી અને ખીઝલાન (અલ્લાહ તેને તેના હાલ પર છોડી દે છે તેને ખીઝલાન કહે છે) નું કારણ બને છે કે ઈન્સાન અલ્લાહ તઆલાના નબી(સ.અ.વ.)ની નબુવ્વત અને વસીની વિલાયતનો ઈન્કાર કરી દે છે, બલ્કે તેનાથી વધીને તૌહીદના ઈન્કારનું કારણ બને છે.''**

(બેહારૂલ અન્વાર, ભાગ-૭૭, પેજ નં.૩૬૦)

આ જ ગુનાહો આપણી રૂહને બીમાર અને નજીસ કરે છે પછી ગુનેહગાર દીલ કે જે દુનિયાની મોહબ્બતના વિચારોમાં ડૂબેલુ હોય છે તે માઅસૂમ ઈમામ વલીએ અસ્ર(અ.સ.)ની મોહબ્બત, ઈતાઅત, મુલાકાતથી દૂર થઈ જાય છે. ઈમામ(અ.સ.) કે જે આપણા માટે બાપથી વધારે શફીક અને માં થી વધારે મહેરબાન હોવા છતાં તેમની બારગાહમાં આપણને હાજર થવાની તૌફીક નથી મળતી. જો આપણે ઈમામ(અ.સ.)નો સાચા અર્થમાં ઈન્તેઝાર કરી રહ્યા છીએ અને તેમની મુલાકાત અને બારગાહમાં હાજર થવાની તમન્ના રાખીએ છીએ, તો ગુનાહોથી દૂર થઈને આપણે આપણા

શરીરની સાથે સાથે રૂહને પણ પાકીઝા અને નુરાની બનાવીએ.

ઈન્સાન હંમેશા પોતાના શરીરની બીમારીઓથી બચવાની કોશિશ કરે છે, જો બીમાર હોય તો તેની દવા કરે છે પણ રૂહની કોઈ સંભાળ નહીં. અઝીઝો! અગર રૂહ બીમાર હશે તો દુનિયા અને આખેરત બંનેમાં હલાક થશું. કયામતના મેદાનમાં જયારે ગુનાહોથી ભરેલું આમાલનામુ રજુ કરવામાં આવશે, ત્યારે કેવી શરમીંદગી અને પસ્તાવો થશે? કેવી ઝીલ્લત અને અપમાનનો સામનો થશે? જયારે કે કયામતના મેદાનમાં આપણે એકલા નહીં હશું, બધા જ નબીઓ અને અઈમ્માહ(અ.મુ.સ.) અને એહલેબૈત(અ.મુ.સ.) ત્યાં મૌજૂદ હશે. જો ઈન્સાન આ શરમીંદગી અને પસ્તાવો દુનિયામાં જ કરી લે તો અલ્લાહ તઆલા બહુ જ મહેરબાન અને મોટો માફ કરનાર છે.

ઈમામ બાકીર(અ.સ.) ફરમાવે છે કે **“ખુદાવંદે આલમ તૌબા કરવાવાળાથી એટલો વધારે ખુશ થાય છે અને તેને એટલો ચાહે છે, જેવી રીતે એક શખ્સ કે જેનો માલ અથવા સવારી અંધારી રાતમાં ખોવાઈ ગઈ હોય અને તે તેને પરત મેળવવા ઉપર ખુશ થાય છે તેના કરતા અનેક ગણી વધારે ખુશી અલ્લાહને તે બંદાથી થાય છે જે બંદો તેની બારગાહમાં તૌબા કરે છે.”**

સાચા દીલથી અને પાક્કા ઈરાદાની સાથે કરેલ તૌબા ઈન્સાનના દીલ અને રૂહને ફરીથી નુરાની અને પાક કરે છે.

ખુદાવંદે આલમ પાસે હઝરત મોહમ્મદ(સ.અ.વ.) અને આલે મોહમ્મદ(અ.મુ.સ.)ના સદકામાં તેમના વસીલાથી દુઆ કરીએ કે આપણા ગુનાહો અને આપણા મરહુમોના ગુનાહોને માફ કરે અને ગુનાહોથી દૂર રહેવા પર સાબીત કદમ રાખે, તૌબા અને ઈસ્તેગ્ફારની તૌફીક અતા કરે. ઈમામે ઝમાના(અ.સ.)ના સાચા મુન્તઝીરમાં આપણો શુમાર કરે. તેમની ખિદમત, મુલાકાત અને ખુશનુદીથી વંચીત ન રાખે અને તેમના ઝહુરમાં જલ્દી કરે. (ઈ.અ.)

---

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com